## જન્મદિને વધામણી



**દિનેશસિંહ ચાવડા**
અગ્રણી ઉદ્યોગપતિ
મો. : ૯૮૨૪૦૬૫૦૬૬



**અદીતિ દક્ષેન ત્રિવેદી**
કા. સભ્ય, શ્રી સમસ્ત બ્રહ્મસમાજ યુવા પરિવાર અને ટેટુ માસ્ટર
ફોન : ૨૩૨ ૮૯૭૧૯



**પ્રતિભાબેન કનુભાઈ દવે**
પૂર્વ પ્રમુખ, શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ
મો. ૯૪૨૮૭ ૩૬૯૬૫



**દિપકભાઈ સી બ્રહ્મભટ્ટ**
સલાહકાર, બ્રહ્મભટ્ટ સમાજ, ગાંધીનગર.
મો. ૯૪૨૮૦ ૪૯૦૯૯



**વિભૂતિ એમ ભટ્ટ**
પીએ ટુ કમિશનર (ટીઈબી)
મો. ૯૪૨૭૬ ૩૫૪૧૭



**ગૌતમ મોદી**
એલઆઈસી



**બિપિનચંદ્ર જાની**

# ઑલ ઈન્ડિયા સ્કૂલ ગેમમાં રાજ્યની લોન ટેનિસની ટીમ વિજેતા



ગાંધીનગર, તા. ૩

ઑલ ઈન્ડિયા સ્કૂલ ગેમમાં ગુજરાત રાજ્યની લોન ટેનિસની ટીમ વિજેતા બની ગાંધીનગરનું અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરની શાંતિનિકેતન વિદ્યાલયની બંને વિદ્યાર્થિનીઓએ રાષ્ટ્રીય કક્ષાએ નામના મેળવી છે.

હૈદરાબાદ ખાતે આયોજિત ઑલ ઈન્ડિયા સ્કૂલ ગેમમાં પચીસ રાજ્યોમાંથી આવેલી ટીમ્સે ભાગ લીધો હતો. ગુજરાતની ટીમની કેપ્ટન વૈદેહી ચૌધરી અને હેત્વી ચૌધરીએ ટીમને ચૅમ્પિયન બનાવવા માટે જહેમત ઉઠાવી હતી અને ટીમ ચૅમ્પિન બની પણ હતી. ગુજરાતની ટીમને ગોલ્ડ મૅડલ મળ્યો હતો.

વૈદેહીનો વ્યક્તિગત દેખાવ પણ ખૂબ સારો રહ્યો હતો, તેને પણ ગોલ્ડ મૅડલ પ્રાપ્ત થયો હતો. તેણે ચાલુ વર્ષે ઑલ ઈન્ડિયાના પચીસથી વધુ ટાઈટલ પ્રાપ્ત કર્યા છે. તે હવે આગામી મે માસથી રાયપુર રેન્જ ટીમ વતી ચૅમ્પિયન લૉન ટેનિસ લીગમાં ભાગ લઈ રહી છે. ઈન્ડિયન ટીમમાં તેના સમાવેશ બદલ અને ગુજરાત રાજ્યનું નામ રોશન કરવા બદલ શાળાના પ્રિન્સિપાલ બિપીનભાઈ રાવલે અને શાળા પરિવારે ગૌરવની લાગણી વ્યક્ત કરતાં વૈદેહી ચૌધરી અને હેત્વી ચૌધરીને તેમની ઉત્તરોત્તર પ્રગતિ અર્થે શુભકામનાઓ પાઠવી છે.



કેલોરક્સ પબ્લિક સ્કૂલ, ગાંધીનગર દ્વારા આયોજીત કેલફેસ્ટ ૨૦૧૫માં રમતો, વાર્તા કથન, મગજને કસતી ચર્ચાઓ, પગ તાલ લેતા થઈ જાય તેવુ સંગીત અને નૃત્ય આ બધાનો સુભગ સમન્વય જોવા મળ્યો હતો. વર્ગ ખંડની બહાર વિદ્યાર્થીઓની પ્રતિભા ખીલી ઉઠી હતી. અમદાવાદ અને ગાંધીનગરની સાત સ્કૂલોએ એમાં ભાગ લીધો હતો, મહત્તમ ઈનામો અને ફરતી ટ્રોફીઓ મેફવીને મેળવીને સીપીએસ ઘાટલોડીયા વિજયી નિવડી હતી. ટ્રોફીઓનું વિતરણ નીમા શાહ- સીએઓ, અનિતા જહા સિંહા-જીએમ, એચઆર, ઉન્મેશ દિક્ષિત, ઓએસડી અને એસએમસી મેમ્બર મિનલ જાની દ્વારા કરવામાં આવ્યું હતું.



અખંડ ભારતના શિલ્પી તેમજ સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૦મી જન્મજયંતિ નિમિત્તે ગાંધીનગર સ્વર્ણિમ પાર્ક ખાતે સરદાર પટેલની પ્રતિમાના અનાવરણ પ્રસંગે પ્રેરણા વિદ્યાલયના સ્ટુડન્ટ પોલીસ કૅડેટ્સની ૨૨ જેટલી વિદ્યાર્થીનીઓએ મુખ્યમંત્રીના ગાર્ડ ઑફ ઑનર બની શાળાનું ગૌરવ વધાર્યું હતું. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા આ વિદ્યાર્થીનીઓને બિરદાવવામાં આવી હતી અને તેમના હસ્તે શિક્ષિકા પ્રિયંકાબેન શિકારીને શાળા માટે સ્મૃતિચિન્હ પણ અર્પણ કરવામાં આવ્યું હતું.

શાળાના પ્રિન્સિપાલ મનિષભાઈ ખત્રી અને ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલાએ શાળાનું ગૌરવ વધારનાર આ વિદ્યાર્થીનીઓ, શિક્ષિકાને બિરદાવી તેમને અભિનંદન પાઠવ્યા હતા.

# સ્કૂલ ઑફ અચિવરમાં ફન ફિએસ્ટા













ગાંધીનગર, તા. ૩

સ્કૂલ ઓફ અચિવરમાં પ્રતિવર્ષ એક્ટિવિટી ફિએસ્ટા દરમ્યાન વાતાવરણ પ્રવૃત્તિઓના રંગે રંગાઈ જાય છે. આ પ્રવૃત્તિઓમાં ફન-ગેમ્સનું આગવું સ્થાન છે. આ વખતે પણ આ ફન ગેમ્સનું 'ફન ફિએસ્ટા' ના રૂપમાં નવા જ લૂક સાથે અવતરણ થયું. સ્કૂલ મેનેજમેન્ટે ખાસ રસ દાખવી વિશિષ્ટ ગેમ્સ ઉપલબ્ધ કરાવી હતી. નાનાં બાફકોથી માંડી કિશોર અને તરૂણો સુધી સૌને ધ્યાનમાં રાખી ટ્રેમ્પોલીન, ફલાઈંગ ફોકસ, બન્જી જમ્પીંગ, રોક ક્લાઈમ્બીંગ જેવી ગેમ્સનો સમાવેશ થયો. સ્કૂલના બધા જ વિદ્યાર્થીઓ આ ગેમ્સ માણી શકે તે માટે સુંદર આયોજન ગોઠવાયું હતું.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૨**
મૈં ઔર ચાર્લ્સ
૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ગૂઝબમ્પ્સ (અંગ્રેજી ૩ડી)
૧૨.૩૦, ૫.૦૦, ૯.૪૫
ગૂઝબમ્પ્સ (હિન્દી ૩ડી)
૨.૪૫, ૭.૧૫

**સ્ક્રીન-૪**
શાનદાર
૧.૦૦
ગુડ્ડુ કી ગન
૪.૦૦, ૧૦.૦૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૭.૦૦

**સ્ક્રીન-૫**
મૈં ઔર ચાર્લ્સ
૧૦.૦૦, ૧૨.૪૫
શાનદાર
૬.૪૫
પ્યાર કા પંચનામા
૩.૪૫, ૧૦.૧૫

# ઍમ બી પટેલ અને આર ઍન પટેલ સ્કૂલના વિદ્યાર્થીઓએ ઍડવૅન્ચર કૅમ્પમાં ભાગ લીધો



ગાંધીનગર, તા. ૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળા અને શ્રીમતી આર ઍન પટેલ પ્રાયમરી સ્કૂલના વિદ્યાર્થીઓએ માઉન્ટ આબુ ખાતે આયોજિત ઍડવૅન્ચર કૅમ્પમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ઍમ બી પટેલ સ્કૂલની ૨૯ વિદ્યાર્થીનીઓ અને શિક્ષક ભગવતીબેન, પ્રવીણભાઈ, નિમિષાબેન, ચેતનાબેન તથા આર ઍન સ્કૂલના ૨૬ વિદ્યાર્થીઓએ રૉકઝોન ઍડવૅન્ચર સંસ્થા દ્વારા આયોજિત આ ત્રણ દિવસીય કૅમ્પમાં ભાગ લીધો હતો અને ઝીપલાઈન, ડબલ રોપ, ક્રૉસિંગ રોપ, ક્લાઈમ્બિંગ તેમજ ટ્રેકીંગ જેવી ઍક્ટીવિટીઝમાં ભાગ લઈને પોતાના આત્મવિશ્વાસમાં વધારો કર્યો હતો.

કૅમ્પ દરમ્યાન વિદ્યાર્થીઓને નિસર્ગની સાથે સમય પસાર કરવાનો મોકો પણ મળ્યો હતો તથા રાત્રે કૅમ્પ ફાયરની મજા પણ વિદ્યાર્થીઓ, સિક્ષકોએ સાથે મળીને માણી હતી.

બંને સંસ્થાઓનાં આચાર્યોએ કૅમ્પ સફળતાપૂર્વક પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા તથા વિદ્યાર્થીઓને આવાં હિંતમ તથા સાહસનાં કાર્યો ભવિષ્યમાં પણ કરતાં રહેવાની શીખ આપી હતી.

# બારડોલીમાં સરદાર પટેલ જયંતિ સમારોહમાં પ્રમુખસ્થાને નગરના સાહિત્યકાર ડૉ. કેશુભાઈ

ગાંધીનગર, તા. ૩

લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૦મી જન્મજયંતિ નિમત્તે એક ખાસ કાર્યક્રમ તેમની ઐતિહાસિક કર્મભૂમિ બારડોલી ખાતે યોજાયો હતો. ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયની સ્વાયત્ત સંસ્થા નૅશનલ બૂક ટ્રસ્ટ દ્વારા આ કાર્યક્રમ બારડોલીના સિનિયર સિટિઝન્સ હૉલ ખાતે યોજવામાં આવ્યો હતો.

જાણીતા પત્રકાર અને લેખક ઉર્વીશ કોઠારીએ 'વિરલ વ્યક્તિત્ત્વ - સરદાર પટેલ' વિષયે વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે સરદારના પ્રભાવશાળી વ્યક્તિત્ત્વનાં વિવિધ પાસાં પર સચોટ છણાવટ કરી હતી. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રકાશન




'આત્મપ્રકાશ' નવલકથાનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

જાણીતા સર્જક તથા વિવેચક-સંપાદક શિરીષ પંચાલે આ નવલકથાનો પરિચયાત્મક આસ્વાદ કરાવ્યો હતો. સમારોહના પ્રમુખ સ્થાનેથી બોલતાં ગાંધીનગર નિવાસી અને રાજ્યના પ્રસિદ્ધ નવલકથાકાર, સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ વલ્લભભાઈને 'સરદાર'નું બિરૂદ આપનાર બારડોલી પંથકની બાહોશ અને સંઘર્ષશીલ તેમજ ખંતીલી પ્રજા અને અહીંની ભૂમિને બિરદાવી હતી. શરૂઆતમાં નૅશનલ બૂક ટ્રસ્ટના ગુજરાતી સંપાદક ભાગ્યેન્દ્ર પટેલે સ્વાગત પ્રવચન સાથે પ્રાસંગિક ભૂમિકા રજૂ કરી હતી અને અંતે આભાર માન્યો હતો. કાર્યક્રમ સ્થળે બે દિવસ માટે પુસ્તક પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું.

# સંબંધ એટલે અતિક્રમણથી પ્રતિક્રમણ

સંબંધ એટલે આપણી સાથે જોડાયેલ વ્યક્તિના વિશ્વાસ, વિકાસ અને સ્વતંત્રતાનો ખુલ્લા દિલે સ્વીકાર... લાગણીઓના પૂરમાં એકબીજાથી થયેલી ભૂલોને વહેવડાવી દેવાનો અવસર... સંબંધના પ્રવાસમાં ના ગમતી બાબતોને ગમતી કરી લેવાનો એક સુંદર પ્રયાસ એટલે અતિક્રમણથી પ્રતિક્રમણ.

સંબંધ એટલે વ્યક્તિગત નબળાઈઓથી ઉઠીને માનવ સંબંધોને મહત્ત્વ આપવાની એક ઊંડી સમજ. સંબંધ એ વહેતી નદી જેવો હોવો જોઈએ જ્યાં સતત પ્રેમથી વહેવાની મજા હોય અને માનવસહજ ભૂલોને ભૂલી જઈને સતત પ્રવાસ કરતા રહેવાની ગતિ હોય. અહીં જગતમાં સંબંધોના સરવાળા અને બાદબાકી શક્ય નથી. હા, એ ખરું કે જેની સાથે લાગણીઓનો ગુણાકાર થાય તેની સાથે જરા વધુ ફાવી જાય. સંબંધોના ભાગાકાર એટલે ના ગમતા માણસોને દૂર કરવાનો પ્રયત્ન, પણ મારા મત મુજબ ભાગાકાર કરશો તો એ સંબંધ ઘણા ટૂકડામાં વહેંચાશે અને એ ટૂકડાઓ દુખ આપતા રહેશે. એટલે ના ગમતા સંબંધોને શૂન્ય સાથે ગુણી શૂન્ય બનાવવાનો હકારાત્મક પ્રયત્ન કરવો જોઈએ.



દરેક માણસને એ જ વ્યક્તિ ગમે જે જીવન સાથે વહેતી રહે અને લોકોને હકારાત્મક વાતોથી વધાવતી રહે. આજે તો લોકો એટલાં નબળાં મનનાં થઈ ગયાં છે કે સોશિયલ મીડિયા પર લાઈક ન મળે તો દુખ પામે, બધી જ વસ્તુમાં અપેક્ષા અને દુખી થવાના ધંધા... અરે ભાઈ, જગતનો વ્યવહાર છે, લોકોને ગમાડતા રહો તો લોકો તમને ગમાડશે જ.

આજે સંબંધોના આકાશમાં શૂન્યાવકાશ સર્જાયો છે, નકારાત્મક વલણ વધતું રહે છે.

સંબંધોમાંથી કંઈક મેળવવાની અપેક્ષા વધતી રહી છે. સંબંધ એટલે સમબંધ. એક જેવા થઈને સમતા રાખીને માણવા જેવો અવસર એટલે સંબંધ.

લોકોને હરરોજ મળું છું અને તોય સંબંધમાં પેદા થતી ઉષ્માને શોધું છું. પ્રેમના નામે થતા શોષણને જોઉં છું. સંબંધોના દુરુપયોગને જોઉં છું. જેણે ધર્મના નામે વ્યક્તિઓને એકબીજાથી દૂર કરી દીધા એવા ખોખલા સમાજને જોઉં છું અને પછી થાકીને પાછો મારી અંદરના માણસને જોઉં છું. ફરીથી મારે હવે મને જ મળવાનું છે. મારી પાછળ આજે મને ખોવાનું મન છે, બહુ ભટક્યા પછી હવે મારે મારી પાસે બેસવું છે. પોતાની જાતને ઓળખ્યા પછી તમને બીજા પ્રત્યે કદી નફરત નહીં થાય કારણ કે આપણે પણ પ્રેમ કરવા લાયક નથી છતાં પણ આ જીવને બહુ પ્રેમ આપ્યો છે, લોકોએ પ્રેમ આપ્યો છે તો પછી આપણે કેમ એને પાછો ન વહેંચી શકીએ?

ચાલો, ફરીથી સમાજ તરફથી મળેલું ઋણ ચૂકવીએ. આવો, સંબંધને ઉજવીએ.

**- ડો. અપૂર્વ રાવલ**



ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા આયોજિત પ્રખરતા શોધ ઉત્સવના બીજા દિવસે ધોરણ-૧ અને ૨માં અભ્યાસ કરતાં બાળકો દ્વારા અવનવી કૃતિઓનું સર્જન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧માં અભ્યાસ કરતી બાળકી વિશ્વાએ માતાનુ મહત્ત્વ સમજાવી પ્રેક્ષકોને ભાવવિભોર કરી દીધા હતા. અન્ય બાળકોએ પર્યાવરણની જાળવણીના સંદર્ભમાં વૃક્ષોનું મહત્ત્વ, ડાન્સ, એકપાત્રીય અભિનય જેવી કૃતિઓ રજૂ કરીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પણ બાળકો દ્વારા જ કરવામાં આવ્યું હતું એ આ કાર્યક્રમનું મહત્ત્વનું પાસું હતું.